રાજસ્થાનના બુટલેગર આશિષ અગ્રવાલ સહિત 10 વિરુદ્ધ ગુજસીટોકનો ગુનો દાખલ

10 આરોપી સામે જુદા જુદા 500 જેટલા ગુના રાજ્યભરમાં નોંધાયેલા છે

ગાંધીનગરઃ સ્ટેટ મોનિટરિંગ સેલને રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા પોલીસમથકનો દરજ્જો આપ્યા બાદ શુક્રવારે પહેલી વખત સ્ટેટ, મોનિટરિંગ સેલ ખાતે રાજસ્થાનના કુખ્યાત બુટલેગર આશિષ અગ્રવાલ સહિત 10 બુટલેગર તથા તેમના સાગરીતો સામે ગુનો દાખલ કરવામા આવ્યો છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે શુક્રવારે પોલીસ ભવનમાં આવેલા એસએમસીના પોલીસમથકની મુલાકાત લઈ ગુના રજિસ્ટર્ડમાં સહી કરી હતી. એસએમસીના એસપી નિર્લપ્ત રાય દ્વારા આ ગુનો દાખલ કરતાં પહેલાં રેન્જ આઈજી વિરેન્દ્ર યાદવની પણ પૂર્વ મંજૂરી લીધી હતી. તે પછી ડીજીપી વિકાસ સહાયે પણ મંજૂરી આપી હતી.

આશીષ રમેશચંન્દ્ર અગ્રવાલ, વિજય મુરલીધર સીંધી ઉદવાણી તથા તેમની ટોળકીના 8 સભ્ય સહિત કુલ 10 આરોપી સામે ગુજસીચોક સહિતના કાયદાના વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી છે. આ બુટેલગરોની ગેંગ દ્વારા બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર તથા અમદાવાદ જિલ્લામાં દારૂની હેરાફેરી સહિતના ગેરકાયદે પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે. આ ગેંગ સામે છેલ્લાં 10 વર્ષની અંદર 16 જેટલા ગુના દાખલ કરવામાં આવેલા છે. દારૂની હેરફેર, તેનું વેચાણ સહિતની પ્રવૃત્તિ ગુજસીટોકના કાયદા હેઠળ ગુનો બને છે. એકંદરે તમામ 10 આરોપી સામે જુદા જુદા 500 જેટલા ગુના રાજ્યભરમાં નોંધાયેલા છે. આ કેસની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલના ડીવાયએસપી કે.ટી.કામરિયાને સોંપવામાં આવી છે.

નલિયામાં ઠંડીનો પારો 6 ડિગ્રી નીચે ગગડી ગયો

ગાંધીનગરઃ ગુજરાતમાં હાલમાં ઠંડીના પ્રમાણમાં થોડો વધારો જોવા મળ્યો છે. શુક્રવારે રાજ્યમાં નલિયામાં 9 ડિગ્રી ઠંડી નોંધાઈ હતી. જ્યારે આગામી પાંચ દિવસની અંદર રાજ્યમાં કોઈ મોટો ફેરફાર જોવા મળે તેમ નથી. એકંદરે એકલા નલિયામાં 6 ડિગ્રી સુધી ઠંડીનો પારો નીચે ઊતરી ગયો હતો. અમદાવાદમાં 15 ડિ.સે., ડીસામાં 13 ડિ.સે., ગાંધીનગરમાં 13 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 16 ડિ.સે., વડોદરામાં 17 ડિ.સે., સુરતમાં 17 ડિ.સે., ભૂજમાં 16 ડિ.સે., નલિયામાં 9 ડિ.સે., કંડલા પોર્ટ પર 15 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 16 ડિ.સે., અમરેલીમાં 15 ડિ.સે., ભાવનગરમાં 17 ડિ.સે., રાજકોટમાં 15 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 16 ડિ.સે., મહુવા 13 ડિ.સે. અને કેશોદમાં 13 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

મમતા કુલકર્ણી કિન્નર અખાડાની મહામંડલેશ્વર કેવી રીતે બની હતી?

મમતા કુલકર્ણી જેવી અભિનેત્રી કિન્નર ન હોવા છતાં અને સંન્યાસી પણ ન હોવા છતાં કિન્નર અખાડાની મહામંડલેશ્વર બની ગઈ તેમાં કોઈ કૌભાંડની ગંધ આવતી હતી. લોકો કહેતાં હતાં કે ગુનાઇત ભૂતકાળ ધરાવતી મમતા કુલકર્ણી પૈસાના જોર પર કિન્નર અખાડાની મહામંડલેશ્વર બની ગઈ હતી. કિન્નર અખાડાએ અભિનેત્રી મમતા કુલકર્ણીને દીક્ષા આપીહતી. અખાડાના આચાર્ય મહામંડલેશ્વર ડો. લક્ષ્મી નારાયણ ત્રિપાઠીએ તેને સીધી મહામંડલેશ્વર તરીકે જાહેર કરી હતી. તેનું નામ શ્રીમાઈ મમતાનંદ ગિરિ તરીકે આપવામાં આવ્યું હતું.તેના મહામંડલેશ્વર બન્યા પછી સનાતન ધર્મના અનેક સંતો દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો હતો. આ વિરોધે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યા પછી કિન્નર અખાડાના સ્થાપક ઋષિ અજય દાસે મમતા કુલકર્ણીને કિન્નર અખાડાના મહામંડલેશ્વરપદેથી હાંકી કાઢી છે અને મમતા કુલકર્ણીને મહામંડલેશ્વરનો હોદ્દો આપનારા કિન્નર અખાડાના આચાર્ય ડો. લક્ષ્મીનારાયણ ત્રિપાઠીને પણ તેમના હોદ્દા પરથી દૂર કર્યા છે. આ કારણે ઋષિ અજય દાસ અને ડો. ત્રિપાઠી વચ્ચેનો વિવાદ ઉગ્ર બન્યો છે.

કિન્નર અખાડાના સ્થાપક ઋષિ અજય દાસે જણાવ્યું કે ૨૦૧૫-૨૦૧૬ના ઉજ્જૈન કુંભમેળામાં ડો.લક્ષ્મી નારાયણ ત્રિપાઠીને આચાર્ય મહામંડલેશ્વર બનાવવામાં આવ્યા હતા. હું તેમને આ પોસ્ટમાંથી મુક્ત કરું છું. ટૂંક સમયમાં તેમને આ અંગે લેખિત માહિતી આપવામાં આવશે. તેમની નિમણૂક ધર્મના પ્રચાર અને ધાર્મિક વિધિઓ તેમજ કિન્નર સમુદાયના ઉત્થાન વગેરે માટે કરવામાં આવી હતી. મમતા કુલકર્ણી જેવી મહિલા રાજદ્રોહના કેસમાં સંડોવાયેલી છે.તેને સનાતન ધર્મ અને રાષ્ટ્રહિતને બાજુ પર મૂકીને સંન્યાસ આપવામાં આવી રહ્યો છે. ધાર્મિક સિદ્ધાંતો અને અખાડાની પરંપરાઓનું પાલન કરવાને બદલે ડો. લક્ષ્મીનારાયણ ત્રિપાઠીએ મમતા કુલકર્ણીને સીધા જ મહામંડલેશ્વરની પદવી અને પટ્ટાભિષેક આપ્યો છે. આ કારણથી આજે દેશ અને સમાજના હિતમાં મને ડો. ત્રિપાઠીને તેમના પદ પરથી મુક્ત કરવાની ફરજ પડી હતી.

કિન્નર અખાડાની પહેલી સમસ્યા એ હતી કે મમતા કુલકર્ણીને સીધી રીતે મહામંડલેશ્વરનું બિરુદ આપવામાં આવ્યું હતું. મમતા કુલકર્ણીએ પહેલાં ત્યાગની દિશામાં આગળ વધવું જોઈતું હતું. તેણે સાધુ બનવું જોઈતું હતું. પછી જો તેને મહામંડલેશ્વરની પદવી આપવામાં આવી હોત તો કદાચ કોઈ સમસ્યા ન હોત. કિન્નર અખાડા દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જ આ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.મમતા કુલકર્ણી ફિલ્મ જગતની છે. ફિલ્મી દુનિયામાંથી આવવું એ કોઈ મોટું કારણ નહોતું. તેનું સાચું કારણ ફિલ્મોમાં તેનો બોલ્ડ અવતાર છે. તેણે ૧૯૯૦ ના દાયકામાં નગ્ન ફોટોશૂટ કરાવ્યું હતું. કિન્નર અખાડાના ઘણા લોકોને આ વાત સામે વાંધો હતો.મમતા કુલકર્ણીનું નામ અંડરવર્લ્ડ સાથે પણ જોડાયેલું હતું.મમતાએ ફિલ્મી દુનિયા છોડીને દુબઈમાં ડ્રગ માફિયા વિકી ગોસ્વામી સાથે લગ્ન કર્યા હતા. એક તબક્કે તેની સામે ધરપકડ વોરંટ પણ જારી કરવામાં આવ્યું હતું. તેમની સામે દેશદ્રોહના આરોપો છે અને અંડરવર્લ્ડ સાથે કનેક્શનના આરોપો પણ લાગ્યા છે.અખાડાઓનો નિયમ છે કે જે વ્યક્તિ મહામંડલેશ્વર બને છે તે સન્યાસી હોવો જોઈએ અને તેણે મુંડન કરાવવું જોઈએ. મમતા કુલકર્ણી ન તો સાધુ હતી અને ન તો તેણે મુંડન વિધિ કરાવી હતી. કિન્નર અખાડાના નિયમો અનુસાર અખાડાના સાધુઓએ ગળામાં વૈજંતી માળા પહેરવાની હોય છે, પરંતુ મમતા કુલકર્ણીએ રુદ્રાક્ષની માળા પહેરી હતી. વળી મમતા કિન્નર પણ નથી. મમતા કુલકર્ણીનું મહામંડલેશ્વરનું બિરુદ કોઈ રીતે કિન્નર અખાડાના નિયમો અનુસાર નહોતું.

સંત સમાજે પણ મમતા કુલકર્ણીને મહામંડલેશ્વરનું પદ આપવામાં આવતાં નારાજગી વ્યક્ત કરી હતી અને કિન્નર અખાડાની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. ઘણા ધાર્મિક નેતાઓએ કહ્યું કે મમતા કુલકર્ણીના કિસ્સામાં ધાર્મિક પરંપરાઓની અવગણના કરવામાં આવી હતી.શાંભવી પીઠાધીશ્વર સ્વામી આનંદ સ્વરૂપે કહ્યું કે મમતા કુલકર્ણી પર અંડરવર્લ્ડ સાથે સંબંધ હોવાનો આરોપ છે. મને ખબર નથી કે મમતા કુલકર્ણી આરોપોમાંથી મુક્ત થઈ છે કે નહીં. આવા કિસ્સા પછી પણ તેને મહામંડલેશ્વર બનાવવામાં અન્યાય છે.સ્વામી આનંદ સ્વરૂપે કહ્યું કે કિન્નર અખાડા નકલી યુનિવર્સિટી છે અને તે ગેરકાયદે ડિગ્રીઓનું વિતરણ કરી રહી છે. લક્ષ્મી નારાયણ ત્રિપાઠીને કોઈને દીક્ષા આપવાનો અધિકાર નથી. કિન્નર અખાડા વિરુદ્ધ ધાર્મિક લાગણી દુભાવવા બદલ કેસ નોંધવો જોઈએ. ભવિષ્યમાં તેમને કોઈ ધાર્મિક કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવશે તો અમે તેમાં ભાગ લઈશું નહીં.આ મામલે વ્યંઢળ કથાકાર જગતગુરુ હિમાંગી સાખી કહે છે કે કિન્નર અખાડા કિન્નર સમુદાય માટે બનાવવામાં આવ્યા હતા. જો તમારે નપુંસકો સિવાય મહિલાઓને મહામંડલેશ્વર બનાવવી હોય તો અખાડાનું નામ બદલીને કંઈક બીજું કરો. મમતા કુલકર્ણીને કોઈ પણ શિક્ષણ આપ્યા વિના દીક્ષા આપવામાં આવી હતી. તેને માથે મુંડન પણ કરવામાં આવ્યું નથી. માત્ર ચોટલી કાપીને તેને મહામંડલેશ્વર બનાવી દેવામાં આવી હતી.

કિન્નર અખાડાના આચાર્ય મહામંડલેશ્વર ડો. લક્ષ્મી નારાયણ ત્રિપાઠીને તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. હવે આ મુદ્દો ચર્ચામાં છે. તેમનો જન્મ ૧૩ ડિસેમ્બર ૧૯૮૦ના રોજ મહારાષ્ટ્રના થાણેમાં થયો હતો. તેમણે મુંબઈની મીઠીબાઈ કોલેજમાંથી સ્નાતક અને ભરતનાટ્યમમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું છે. વર્ષ ૨૦૦૨ માં તેમણે ટ્રાન્સજેન્ડરના અધિકારો માટે એક બિનલાભકારી સંસ્થા શરૂ કરી હતી. ડો. લક્ષ્મી નારાયણ ત્રિપાઠીના પ્રયાસોને કારણે સુપ્રીમ કોર્ટે ટ્રાન્સજેન્ડરને થર્ડ જેન્ડર તરીકે માન્યતા આપી હતી. વર્ષ ૨૦૧૫ માં તેમને કિન્નર અખાડાના પ્રથમ મહામંડલેશ્વર બનાવવામાં આવ્યાં હતાં.તેમણે કિન્નરોના શિક્ષણ, આરોગ્ય અને રોજગાર માટે ઘણી પહેલ કરી છે. તેમણે કલમ ૩૭૭ સામે પણ અવાજ ઉઠાવ્યો હતો અને LGBTQ સમુદાયના અધિકારો માટે લડત ચલાવી હતી. લક્ષ્મી નારાયણ ત્રિપાઠીએ 'મી હિજરા, હું લક્ષ્મી' નામનું વિવાદાસ્પદ પુસ્તક પણ લખ્યું હતું. તેમણે બિગ બોસમાં ભાગ લીધો હતો. આ સિવાય તેમણે સચ કા સામના અને દસ કા દમ જેવા ટી.વી. શોમાં પણ ભાગ લીધો હતો. લક્ષ્મી નારાયણ ત્રિપાઠી સંયુક્ત રાષ્ટ્રમાં એશિયા પેસિફિકનું પ્રતિનિધિત્વ કરનાર પ્રથમ ટ્રાન્સજેન્ડર વ્યક્તિ છે.

કિન્નર અખાડાના સ્થાપક અજય દાસ અને આચાર્ય મહામંડલેશ્વર ડો. લક્ષ્મી નારાયણ ત્રિપાઠી વચ્ચે ખુલ્લો સંઘર્ષ શરૂ થયો છે. અજય દાસે દાવો કર્યો છે કે ડો.ત્રિપાઠીને હટાવવામાં આવ્યા છે. સાથે જ ડો.ત્રિપાઠી કહી રહ્યા છે કે અજય દાસ કોઈ પદ પર નથી. શુક્રવારે બપોરે કિન્નર અખાડા દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો. મમતા કુલકર્ણી વિવાદને કારણે કિન્નર અખાડામાં લક્ષ્મી નારાયણ ત્રિપાઠીને આચાર્ય મહામંડલેશ્વરના પદ પરથી હટાવવાની તૈયારીઓ ચાલી રહી હતી. આ મુદ્દે કિન્નર અખાડાના સંતો વચ્ચે હોબાળો વધુ ઉગ્ર બન્યો હતો.અખાડાના સ્થાપક અજય દાસે લક્ષ્મી નારાયણ ત્રિપાઠીને તેમના પદ પરથી હટાવવાની જાહેરાત કરી હતી. તેમણે સંકેત આપ્યો કે અખાડામાં આ નિર્ણય અંગે ટૂંક સમયમાં કાર્યવાહી કરવામાં આવશે.કિન્નર અખાડાના આચાર્ય મહામંડલેશ્વર ડો.લક્ષ્મી નારાયણ ત્રિપાઠીએ પણ પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. તેમણે કહ્યું કે કિન્નર અખાડામાં નિર્ણયો સંપૂર્ણ પારદર્શિતા સાથે લેવામાં આવશે. તેમણે અજય દાસ પર પ્રહાર કરતાં કહ્યું કે અજય દાસ પહેલા જ અખાડામાંથી બહાર ફેંકાઈ ગયા છે.કિન્નર અખાડામાં જૂથવાદ વધતો જોવા મળી રહ્યો છે. એક તરફ અજય દાસ પોતાને સંસ્થાપક ગણાવી રહ્યા છે તો બીજી તરફ ડો. લક્ષ્મી નારાયણ ત્રિપાઠી પોતાની પકડ જાળવી રહ્યા છે.

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

સંત સમાજના વિરોધે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યા પછી કિન્નર અખાડાના સ્થાપક ઋષિ અજય દાસે મમતા કુલકર્ણીને કિન્નર અખાડાના મહામંડલેશ્વર પદેથી હાંકી કાઢી છે

અમદાવાદમાં ભાજપના પૂર્વ ધારાસભ્યનો પુત્ર ચેઈન સ્નેચિંગના ગુનામાં ઝડપાયો

પ્રેમિકા સાથે મોજશોખ કરવા, ખર્ચા કાઢવા ચેઈન સ્નેચિંગ કરી

અમદાવાદઃ ઘાટલોડિયામાં મેમનગર ગુરુકુળ પાસે એક મહિલાના ગળામાંથી ચેઈન તોડીને એક શખ્સ ફરાર થઈ ગયો હતો. આ અંગે પોલીસે સીસીટીવી ફૂટેજની મદદથી તપાસ હાથ ધરતા આરોપી પ્રદ્યુમનસિંહ વજેન્દ્રસિંહ ચંદ્રાવતની ધરપકડ કરી હતી. યુવકે પ્રેમિકા સાથે મોજશોખ કરવા, ખર્ચા કાઢવા માટે ચેઈન સ્નેચિંગ કરી હોવાનું પણ બહાર આવ્યું છે.

શહેરના મેમનગર વિસ્તારમાં રાજવી ટાવરમાં રહેતા 65 વર્ષીય વૃદ્ધા 25 જાન્યુઆરીના રોજ પોતાના ઘરે પરત જઈ રહ્યા હતા, ત્યારે એક યુવક પાછળથી આવીને આ વૃદ્ધ મહિલાના ગળામાંથી સોનાની ચેઈન કટર વડે કાપી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે વૃદ્ધ મહિલાએ ઘાટલોડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ સમગ્ર બનાવના સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા. આરોપી પ્રદ્યુમનસિંહ વજેન્દ્રસિંહ ચંદ્રાવતની ધરપકડ કરવામાં આવી હતી. જે થલતેજ વિસ્તારના જય અંબે નગરમાં રહે છે, વધુ તપાસમાં તે મૂળ મધ્યપ્રદેશના મનાસાના માલાહેડા ગામનો વતની હોવાનું તેમજ આરોપી યુવકના પિતા વજેન્દ્રસિંહ ચંદ્રાવત મધ્યપ્રદેશની મનાશા વિધાનસભા બેઠકના ભાજપના પૂર્વ ધારાસભ્ય હોવાનું બહાર આવ્યું છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ભાજપના ઉમેદવારો જાહેર

તા.16મી ફેબ્રુઆરીએ મતદાન તથા 18મી ફેબ્રુઆરીએ મત ગણતરી હાથ ધરાશે

ગાંધીનગરઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આવતીકાલે 1 લી ફેબ્રુ.એ ઉમેદવારી કરવાનો છેલ્લો દિવસ છે. ત્યારે ભાજપની પ્રદેશ નેતાગીરીએ શુક્રવારે ઉમેદવારોની જાહેરત કરી દીધી છે. એટલું જ નહીં ઉમેદવારોને ફોર્મ ભરવાની સૂચના પણ આપી દેવાઈ છે. બીજી તરફ કોંગ્રેસ દ્વારા પણ ઉમેદવારોને ફોર્મ ભરવાની સૂચના આપી દેવાઈ છે. શુક્રવારે ભાજપની નેતાગીરી દ્વારા મહિસાગર, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મનપા, દાહોદ, મહેસાણા, છોટા ઉદેપુર, ભાવનગર, ગીર સોમનાથ, સુરેન્દ્રનગર, ખેડા જિલ્લાના કેટલાક વોર્ડ, નવસારી, તાપી, ભાવનગર મનપા, પોરબંદર, ગાંધીનગર જિલ્લો, બોટાદ અને વલસાડ જિલ્લાના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેના ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી હતી. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જૂનાગઢ મહાનગરપાલિકા, 66 નગરપાલિકા, તાલુકા પંચાયતો પૈકી કઠલાલ, કપડવંજ, ગાંધીનગર અને બોટાદ અને વાંકાનેર ન.પા.માં મધ્યસત્ર ચૂંટણી યોજાનાર છે. જ્યારે 3 મનપાની બેઠક, 21 નગરપાલિકા બેઠક, 9 જિલ્લા પંચાયત બેઠક, 91 તાલુકા પંચાયતની બેઠક પર પેટા ચૂંટણી યોજાનાર છે. તા.16મી ફેબ્રુઆરીએ મતદાન તથા 18મી ફેબ્રુઆરીએ મત ગણતરી હાથ ધરાશે.

મહેસાણા દૂધ સાગર ડેરીના બોનસ કેસમાં પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરી સહિત ત્રણ સામે ચાર્જફ્રેમ

અમદાવાદઃ મહેસાણાની દૂધસાગર ડેરીમાં બોનસ કેસ મામલે પૂર્વ ગૃહ રાજ્યમંત્રી વિપુલ ચૌધરી સહિત ત્રણ સામે અમદાવાદ કોર્ટમાં ચાર્જ ફ્રેમ કરવામાં આવ્યો હતો.

આ કેસની વિગત એવી છે કે મહેસાણાની દૂધસાગર ડેરીમાં બોનસ ચુકવણી મામલે થયેલા કેસમાં દૂધસાગર ડેરીના તત્કાલીન ચેરમેન વિપુલ ચૌધરી, આશાબેન ઠાકોર અને નિશિત બક્ષી સામે ચાર્જફ્રેમ કરવામાં આવ્યો છે. મહેસાણની દૂધસાગર ડેરીમાં 14 કરોડના બોનસ કેસ મામલે 2300થી વધુ સાક્ષીઓને તપાસવામાં આવ્યા હતા, તેમજ હજારથી વધુ દસ્તાવેજી પુરાવાઓ સમક્ષ રજૂ કરી ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ચાર્જફ્રેમ કરવામાં આવ્યો હતો.

સમગ્ર મામલો જોઈએ તો મહેસાણાની દૂધસાગર ડેરીમાં પ્રોત્સાહન બોનસ ચૂકવીને ૮૦ ટકા રકમ પરત મેળવી તેમજ મહારાષ્ટ્રમાં વિનામૂલ્યે સાગરદાન મોકલીને મંડળીને 22 કરોડનું નુકસાન કરવા સહિતનો કેસ રાજ્ય સીઆઈડી ક્રાઈમમાં દાખલ થયો હતો. વિપુલ ચૌધરી અન્યની ધરપકડ કરવામાં આવી હતી.

BUSINESS મિત્ર

ફ્રન્ટલાઇન શેરો વધ્યા, બ્રોડર માર્કેટમાં પણ લેવાલીએ મજબૂતાઇ રહી

બજેટ પૂર્વે શેરબજારમાં ચારેકોર લેવાલીએ તેજીઃ નિફ્ટી 23500ની ઉપર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 31: ભારતીય શેરબજારમાં આજે બજેટ પુર્વે ફ્રન્ટલાઈન શેરોમાં આક્રમક ખરીદી જોવા મળી હતી, જેના લીધે સેન્સેક્સ અને નિફ્ટીમાં તોફાની તેજી જોવા મળી હતી અને સેન્સેક્સ 77000 પોઈન્ટ તથા નિફ્ટી 23500 પોઈન્ટની સપાટી કુદાવીને બંધ રહ્યા હતા. સેકટર વાઈઝ જોઈએ તો આજે પણ એફએમસીજી, રિયલ્ટી અને ઓટો શેરોમાં તેજી જોવા મળી હતી. જ્યારે બેન્કીગ, મેટલ શેરોમાં સુધારો જોવાયો હતો. જમાં કન્ઝયુમર ડયુરેબલ, ઓઈલ એન્ડ ગેસ, પાવર, પીએસયુ, રિયલ્ટી, એફએમસીજી ઈન્ડેક્સ બે ટકા ઉછળ્યા હતા. જ્યારે કેપિટલ ગુડસ ઈન્ડેક્સ 4 ટકા ઉછળ્યા હતા. નાણામંત્રી નિર્મલા સીતારામને આર્થિક સર્વેમાં દર્શાવ્યું છે કે, વર્ષ 2025-26ના નાણાકીય વર્ષમાં ભારતનો જીડીપી ગ્રોથ 6.3 ટકાથી 6.8 ટકાનો રહેશે. જેનાલીધે શેરબજારને બુસ્ટ મળ્યું હતું. જોકે, બજારની તેજી આવતીકાલે રજૂ થનારા બજેટ પર નિર્ભર રહેશે.

બ્રોડર માર્કેટમાં પણ મજબૂતાઇ જોવા મળી હતી. બજેટ પહેલા બજારમાં ભારે તોફાની તેજી જોવા મળી હતી. જેમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી હતી.

બ્રોડર માર્કેટમાં મજબૂતાઇ રહી હતી. જેમાં બીએસઇ મડિકેપ ઈન્ડેક્સ 1.76 ટકા વધ્યો હતો અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.83 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહ્યું હતું. જેમાં બીએસઇ ખાતે 2719 શેરો વધ્યા હતા, જ્યારે 1203 શેરો ઘટયા હતા અને 125 શેરો યથાવત રહ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 740.76 પોઈન્ટ એટલે કે 0.97 ટકા ઉછળીને 77000 પોઈન્ટની સપાટી કુદાવીને 77500.57 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77605 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76833 પોઈન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી 258.90 પોઈન્ટ એટલે કે 1.11 ટકા વધીને 23508.40 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23546 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23277 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 275.25 પોઈન્ટ એટલે કે 0.56 ટકા વધીને 49587.20 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

રૂપિયો બે પૈસા સુધર્યો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયામાં સાંકડી વધઘટે નજીવા સુધારા સાથે બંધ રહ્યા હતા. આજે ડોલરની સામે રૂપિયો 2 પૈસા સુધરીને 86.61ના સતેર બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 86.63ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 90.21, પાઉન્ડ 106.92, કેનેડિયન ડોલર 59.73, ઓસ્ટ્રેલિયન ડોલર 53.69, જાપાનીઝ યેન 0.5601 અને સીંગાપોર ડોલર 63.68ના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે જિન્દાલ સ્ટીલ એન્ડ પાવરમાં 27.32 ગણા, નવીન ફલોરીનમાં 16.07 ગણા, વ્હલપુર્લ ઈન્ડિયામાં 9.51 ગણા, બેન્ક ઓફ બરોડામાં 3.37 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે વ્હલપુર્લ ઈન્ડિયામાં 23.67 ગણા, જિન્દાલ સ્ટીલ એન્ડ પાવરમાં 14.2 ગણા, નવીન ફલોરીનમાં 12.18 ગણા, ક્રાફ્ટમેન ઓટોમેશનમાં 5.26 ગણા અને જ્યુપીટર વેગનમાં 5.17 ગણા કામકાજ નોંધાયા છે.

નિફ્ટી કન્ઝ્યુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ 2.44 ટકા વધ્યા હતા. જેમાં કલ્યાણ જવેલર્સ, ટાઈટન, અંબર એન્ટર, બાટા ઈન્ડિયા, સેન્ચુરી પ્લાયબોર્ડ, ડીકસન ટેકનો, સેરા સેનીટરીવેર, હેવલ્સ ઈન્ડિયા, બ્લુસ્ટાર અને રાજેશ એક્સપોર્ટસ વધ્યા હતા. બીજી તરફ, વ્હલપુર્લ, વોલ્ટાસ અને કજરીયા સીરામીકમાં ઘટાડો નોંધાયો હતો.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ ફ્યુચર 70 પોઈન્ટ પોઝિટિવ ચાલી રહ્યા છે, જેથી આજે અમેરિકાના બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. જ્યારે યુરોપિયન શેરો સુધારા સાથે ચાલી રહ્યા છે. યુરોપિયન સેન્ટ્રલ બેન્ક દ્વારા 25 બેસીસ પોઈન્ટનો ઘટાડો કરવાના નિર્ણયથી યુરોપિયન બજારો પોઝિટિવ જોવા મળ્યા હતા.

સેન્સેક્સ	740.76	77500.77
નિફ્ટી	258.90	23508.40
બેન્ક નિફ્ટી	275.25	49587.20

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાટા કન્ઝ્યુમર	5.99	1024.65
બીઇએલ	4.99	292.65
ટ્રેન્ટ	4.39	5753.20
નેસલે ઇન્ડિયા	4.32	2313.20
લાર્સન-ટુબ્રો	4.28	3567.40

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ભારતી એરટેલ	0.88	1626.30
જેએસડબલ્યુ સ્ટીલ	0.62	945.00
બજાજ ફાઇનસર્વ	0.52	1736.10
ICICI બેન્ક	0.22	1252.80
બજાજ ફાઇનાન્સ	0.21	7885.10

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
લાર્સન-ટુબ્રો	4.37	3569.30
નેસલે ઇન્ડિયા	4.25	2313.05
ઇન્ડસઇન્ડ બેન્ક	3.66	992.15
ટાઇટન કંપની	3.59	3489.70
ટાટા મોટર્સ	2.73	716.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ભારતી એરટેલ	0.76	1627.95
બજાજ ફિનસર્વ	0.43	1737.15
બજાજ ફાઇનાસ	0.17	7885.55
ICICI બેન્ક	0.14	1252.35
સન ફાર્મા	0.12	1743.10

પીએનબીના પરિણામ જાહેરઃ નફો બમણો

મુંબઈ, તા. 31: જાહેર ક્ષેત્રની પંજાબ નેશનલ બેન્કે ઓકટોબર-ડિસેમ્બર 2024ના ત્રિમાસિક ગાળાના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. કવાર્ટર દરમ્યાન બેન્કનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 106 ટકાથી વધીને રૂ. 4680.60 કરોડ થયો છે. એક વર્ષ પહેલા નફો રૂ. 2252.67 કરોડ હતો. બેન્કની કુલ આવક 15 ટકાથી વધુ વધીને રૂ. 35286.43 કરોડ થઈ હતી, જે ડિસેમ્બર 2023માં કવાર્ટરમાં રૂ. 30527.38 કરોડ હતી. સ્ટેન્ડઅલોન ધોરણે પીએનબીનો ચોખ્ખો નફો બમણો થઈને રૂ. 4508.21 કરોડ થયો હતો. આવક વધીને રૂ. 34751.70 કરોડ થઈ છે. ઓપરેટિંગ ખર્ચ વધીને રૂ. 7823.57 કરોડ થયો છે. ડિસેમ્બર 2024 કવાર્ટરમાં પીએનબીનો ગ્રોસ એનપીએ રેશિયો ઘટીને 4.09 ટકા થઈ ગયો છે. જે એક વર્ષ પહેલા 6.24 ટકા હતો. એ જ રીતે, ચોખ્ખો એનપીએ રેશિયો 0.41 ટકા રહ્યો છે. જે ડિસેમ્બર 2023ના કવાર્ટરમાં 0.96 ટકા હતો.

31 જાન્યુઆરીએ પીએનબીના શેરમાં દિવસ દરમ્યાન 5.4 ટકાનો ઉછાળો આવ્યો હતો અને બીએસઇ પર 101.85 રૂપિયાની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. બેન્કની માર્કેટ કેપ વધીને રૂ. 1.16 લાખ કરોડ થઇ ગઇ છે. બેન્કમાં સરકારનો 70 ટકા હિસ્સુ છે. છેલ્લા બે વર્ષમાં પીએનબીના શેરમાં 87 ટકાનો ઉછાળો આવ્યો છે.

નવી ટેક્ષ સીસ્ટમમાં આજે ફેરફારોની વકી

નવી ટેક્ષ સીસ્ટમ અંગેની કલમમાં છેલ્લા બે વર્ષોથી ફેરફારો આવી રહ્યા છે જેમાં A.Y. 2024-25 આવકવેરા રીબેટની કલમ 87-એ મુજબ 25000ના રીબેટમાં માર્જીનલ રિલીફની કલમ ઉમેરવામાં આવી છે જે મુજબ 7 લાખ રૂપિયા સુધીની આવક કરમુક્ત રહેશે અને 7 લાખથી વધુની આવક ઉપર સીધો 25000નો ટેક્ષ લાગશે નહિ પણ 7 લાખની ઉપર જેટલી આવક વધે એટલો ટેક્ષ લાગશે.

ધારો કે 7.10 લાખની આવક ઉપર સ્લેબ રેઇટ મુજબ 26000 ટેક્ષ લાગતો હોય એનો અર્થ એ કે વધારાની 10,000ની આવકના પ્રમાણમાં આ ટેક્ષ માર્જીનલી વધારે હોય કરદાતએ 26000ને બદલે 10000 ટેક્ષ ભરવાનો આવશે. 7.27 લાખની આવકે આ બંને એક સમાન થતાં એની ઉપર થતી આવક માટે રેગ્યુલર વત્તા 10 ટકાના સ્લેબ